આયાતી ડામરના વપરાશ અને
પરીક્ષણ બાબત

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક:-એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૭૭/૮/હ.
તા.૦૩/૦૪/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) માર્ગ અને મકાન વિભાગનાં સરખા ક્રમાંકના પરિપત્ર તા.૦૨/૦૯/૨૦૦૮
(૨) માર્ગ અને મકાન વિભાગનાં સરખા ક્રમાંકના પરિપત્ર તા.૦૮/૧૨/૨૦૦૮
(૩) મા. મ. વિ.નાં તા.૦૮/૦૨/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦/૨૦૧૫/ ૫૫/ભાગ-૧/સી
(૪) માર્ગ અને મકાન વિભાગનાં સરખા ક્રમાંકના પરિપત્ર તા.૨૨/૧૧/૨૦૧૭

**આમુખ:**

માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાઓનાં બાંધકામ, મરામત અને જાળવણીની કામગીરીમાં આયાતી ડામરનો વપરાશ અને પરીક્ષણ કરવા બાબતે વંચાણે લીધેલ ઠરાવોથી મંજુરી આપવામાં આવેલ છે. અનુભવે એવું જણાય છે કે ઇજારદારશ્રી દ્વારા વપરાશમાં લેવાતા આયાતી ડામરમાં પેકડ (Packed drum) અને બલ્ક (Bulk) ડામરનો ઉપયોગ કરવામાં આવે છે. આયાતી પેકડ ડ્રમ ડામરના કિસ્સામાં પેકડ ડ્રમ ડીકેન્ટીંગ (Decanting) કરીને બલ્ક ડામર સ્વરૂપે એકત્ર કરવામાં આવે છે. જેને કારણે તેમાં ભેળસેળ થવાની તથા કામની ગુણવત્તા પર વિપરીત અસર થવાની શકયતા રહેલી છે. જે ધ્યાને લેતાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રસ્તાઓમાં ઉપયોગમાં લેવાના થતા ડામરની ગુણવત્તા જળવાઇ રહે તે માટે આયાતી ડામરના વપરાશ અને પરીક્ષણ બાબતે નીચે મુજબની વધારાની સુચનાઓ આપવામાં આવે છે.

**--:પરિપત્ર:--**

(૧) આયાતી ડામરના વપરાશ માટે માન્યતા આપવા માટે મુળ વિદેશી ઉત્પાદકો કે જેઓ VG Grade ડામર બનાવે છે તેઓને માન્ય ગણવા. એટલે કે જે તે વિદેશી રીફાઇનરી પોતે VG Grade ડામર બનાવતી હોય તેવા ડામરના ઉપયોગને જ છુટ આપવામાં આવે છે.

(૨) અધિકૃત આયાતકારો જેઓ વિદેશી રીફાઇનરી સાથે અધિકૃત રીતે સંકળાયેલ હોય તેઓ દ્વારા VG Grade નો ડામર આયાત થયેથી ઇજારદારશ્રીઓ સીધો તેઓની પાસેથી ડામર ખરીદીને વાપરી શકશે.

(૩) હવેથી આયાતી ડામરનાં પરીક્ષણ બાબતે નીચે મુજબની પધ્ધતિ અનુસરવાનું ઠરાવવામાં આવે છે.

i. અધિકૃત આયાતકાર પાસે ઇજારદારશ્રી પેકડ ડામર ખરીદે તો તે સીધેસીધો ઇજારદારના પ્લાન્ટ ઉપર લાવવાનો રહેશે. આયાત કરેલ દરેક ડ્રમમાંથી વિભાગના પરિપત્ર અનુસાર ડામરના પરીક્ષણ કરવાના રહેશે. એટલે કે ઇજારદાર દ્વારા જો ૧૦ ટન ડામર માટે કુલ ૫૦ ડ્રમ લાવેલ હોય તો પ્રત્યેક ડ્રમને અલગ સેમ્પલ ગણી દરેક ડ્રમમાંથી સેમ્પલ લઇ પરિક્ષણ કરવાનું રહેશે. ડામરના પરીક્ષણોની સંખ્યા આ મુજબ ગણવાની રહેશે.

ii. આયાતી ડામરના ૧૦% પરીક્ષણો ગેરી અથવા સરકારી ઇજનેરી કોલેજોમાં કરાવવાની જોગવાઇ યથાવત રાખવામાં આવે છે.

iii. આયાતી ડામરના બાકીના ૯૦% પરીક્ષણો ઇજારદારે પ્લાન્ટ સાઇટ ઉપર બનાવેલ લેબોરેટરીમાં પ્લાન્ટ પર નિયુકત થયેલ સંબંધિત મ.ઇ./અમ.ઇ. ની હાજરીમાં કરવાનાં રહેશે. એ પૈકીના ૨૫% પરીક્ષણો ના.કા.ઇ. ની હાજરીમાં અને ૧૦% પરીક્ષણો કા.ઇ. ની હાજરીમાં કરવાના રહેશે. પેવીંગ ગ્રેડ બીટુમીનના આઇ.આર.સી.૭૩-૨૦૧૩માં દર્શાવેલ પરીક્ષણો તેને સંલગ્ન આઇ.એસ. કોડ મુજબ કરવા માટે જરૂરી સાધનો ઇજારદારે સ્વખર્ચે ખરીદીને એન.એ.બી.એલ. / એન.એ.બી.એલ. માન્ય સંસ્થા પાસે નિયમિત રીતે કેલીબ્રેશન કરાવીને ચાલુ હાલતમાં રાખવાના રહેશે. ઉપરોકત પરીક્ષણ કર્યા સિવાય પેકડ કે બલ્ક ડામર વાપરવાનો રહેશે નહીં.

iv. કામ માટે જરૂરી ડામરનો જથ્થો આગોતરા આયોજન રૂપે ઇજારદારે પ્લાન્ટ ઉપર ઉપલબ્ધ કરાવવાનો રહેશે. જેથી કામગીરી સળંગ ચાલુ રહે અને પરીક્ષણના અભાવે કામગીરી અટકે નહીં.

v. પેકડ ડ્રમમાં આયાત થયેલા ડામરના વપરાશ બાદ વપરાયેલ પેકડ ડ્રમ ઇજારદારે તેમની સાઇટ પર ચકાસણી માટે સ્ટોર કરવાના રહેશે. જેનો ફાઇનલ બિલ બાદ નિકાલ કરી શકાશે.

(૪) આયાતકાર દ્વારા આપવામાં આવતા બિલની નકલ, બિલ ઓફ લેન્ડીંગ (B.O.L.) ની અધિકૃત નકલની ચકાસણી કરી આયાતી ડામર સીધો જ આયાતકાર પાસેથી ખરીદેલ છે તે અંગે જીએસટી નંબર વિગેરેની ચકાસણી સંબંધિત વિભાગીય હિસાબનીશે કરવાની રહેશે અને આયાતકાર પાસે સીધો જ ખરીદેલ છે તે પણ વિભાગીય હિસાબનીશે પ્રમાણિત કરવાનું રહેશે.

(૫) આયાતી ડામર માટે વિભાગીય કક્ષાએ સંપુર્ણ વિગતો જેવી કે જથ્થો, આયાતકારનું નામ, જીએસટી નંબર, કન્સાઇન્મેન્ટ નંબર, બિલ ઓફ લેડીંગની વિગતો સાથેનાં અલગ રજીસ્ટરની નિભાવણી કરવાની રહેશે.

(૬) આયાતી ડામરના જથ્થા બાબતે તેમજ તેની આયાતી પોલીસી બાબતે વિભાગ દ્વારા અધિકૃત કરેલ પ્રતિનીધી દ્વારા જયારે જરૂર જણાય ત્યારે ભારત સરકારના સંબંધિત વિભાગો સાથે જરૂરી ચકાસણી કરી શકાશે અને એ માટે જો કોઇ દસ્તાવેજો / પુરાવાની જરૂરીયાત હોય તો તે સંબંધિત ઇજારદાર દ્વારા આયાતકાર પાસેથી મેળવી આપવાની બાંહેધરી આપવાની રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૩૧/૦૩/૨૦૨૧ ની સચિવશ્રી (મા.મ.) ની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.નગાણી)
ખાસ ફરજપરના અધિકારી (યં.ઓ.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

(૧) સર્વે અ.ઇ.શ્રીઓ- રાજય મા.મ.વર્તુળ/ પંચાયત મા.મ.વર્તુળ/રા.ધો.મા. વર્તુળ/ રા.મા. યોજના વર્તુળ/ પા.યોજના વર્તુળ/ એકસપ્રેસ વે વર્તુળ સહિત.
(૨) સર્વે કા.ઇ.શ્રીઓ - ઉપરોકત વર્તુળ હેઠળના સર્વે વિભાગ.
(૩) નિયામકશ્રી, ગેરી વડોદરા.
(૪) મેનેજીગ ડીરેકટરશ્રી, ગુ.રા.મા.વિકાસ નિગમ લી. ગાંધીનગર.
(૫) નાણાંકીય સલાહકારશ્રી, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઇ.શ્રીઓ સહિત) મા.મ.વિ. સચિવાલય, ગાંધીનગર.
(૭) સર્વે પ્રોજેકટ શાખાઓ, મા.મ.વિ., સચિવાલય, ગાંધીનગર.
(૮) ડામરનું પરીક્ષણ કરતી સર્વે સરકારી ઇજનેરી કોલેજો
(૯) વિભાગે ડામરના પરીક્ષણ માટે અધિકૃત કરેલ લેબોરેટરી, અન્ય સંસ્થાઓ
(૧૦) 'હ' શાખા સીલેકટ ફાઇલ - ૨૦૨૧

# રસ્તાના કામોની ગુણવત્તા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં. ૧૪, સરદાર પટેલ ભવન,
નવા સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃ- એલઓકે/૦૧/૨૦૨૦/૮૬૧/સી
તા.૧૭/૦૨/૨૦૨૧

વંચાણે લીધા :-

(૧) પરિપત્ર ક્રમાંકઃ એસએસઆર-૧૦૮૩/આઇ.બી.-૩૦૫-૩૮-સી, તા.૨૩/૦૬/૧૯૮૬
(૨) મા.મ.વિભાગનો પત્ર ક્રમાંકઃ પીડીડબલ્યુ/૧૦૨૦૦૩/આઇબી/૩૫૩/સ, તા.૦૩/૦૨/૨૦૦૩
(૩) પરિપત્ર ક્રમાંકઃ આરજીએન/૬૦૯૦/યુઓ/૨૪/૪૨/સ, તા.૩૧/૦૫/૨૦૦૭
(૪) પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૩૩/ભાગ-૨/સી, તા.૧૮/૦૯/૨૦૧૦
(૫) પરિપત્ર ક્રમાંકઃ પીઆરસી-૧૦-૨૦૧૫-૫૫-(પાર્ટ-૧)-સી, તા.૦૮/૦૨/૨૦૧૬
(૬) પરિપત્ર ક્રમાંકઃ પીઆરસી-૧૦-૨૦૧૭-૩૧-સી, તા.૨૬/૦૫/૨૦૧૭

આમુખઃ-

રસ્તાના કામોમાં ગુણવત્તા જળવાય તથા ટકાઉ રસ્તાનું બાંધકામ થાય તે માટે ક્ષેત્રીય અધિકારીઓ ધ્વારા કામોના અમલીકરણ તેમજ કામોની ગુણવત્તા અંગે વખતોવખત પરિપત્રોથી સુચના આપવામાં આવેલ છે. રસ્તાઓના બાંધકામની ગુણવત્તા જળવાય તે હેતુથી ક્ષેત્રીય અધિકારીઓ ધ્વારા કરવાની થતી કામગીરીની સુચનાઓ સંકલિત રૂપે આપવા બાબત વિચારણા હેઠળ હતી. ઉકત વિચારણાના અંતે નીચે મુજબનો પરિપત્ર બહાર પાડવામાં આવે છે.

પરિપત્રઃ-

(૧) સંદર્ભિત પરિપત્ર ક્રમાંક (૧) થી બહાર પાડવામાં આવેલી સુચનાઓ અનુસાર ક્ષેત્રીય અધિકારીઓએ દર મહિને બાંધકામનું યોગ્ય નિરીક્ષણ કરીને બાંધકામ ઉપર દેખરેખ રાખતા કર્મચારીઓ તત્કાલ સુધારાત્મક પગલાં લઈ શકે તે માટે તેઓના અવલોકનોની વિગતવાર નિરીક્ષણ નોંધો તૈયાર કરવા જરૂરી સુચનાઓ આપેલ હતી. અનુભવે એવું જણાયું છે કે આ સુચનાઓને ક્ષેત્રીય અધિકારીઓ જોઇએ તેટલી ગંભીરતાથી લેતા નથી અને સુધારાત્મક કાર્યવાહીના અમલીકરણમાં શિથીલતા દર્શાવે છે. તેથી, તમામ સંબંધિત અધિકારીશ્રીઓને ઉકત સુચનાઓનો કડક અમલ કરે તે અત્યંત આવશ્યક છે.

- અધિક્ષક ઈજનેરો દ્વારા તેમના કાર્યભારણ અને પ્રગતિ હેઠળના કામોની સંખ્યા ધ્યાને લઇ તેમના કાર્યક્ષેત્રમાં આવતા દરેક જીલ્લામાં ડ્રમ મીક્ષ/હોટ મીક્ષ પ્લાન્ટ/બેચ મીક્ષ પ્લાન્ટથી કામ પ્રગતિમાં હોય તેવા ઓછામાં ઓછા એક કામની સ્થળ મુલાકાત લઇ નિરીક્ષણ કરેલા કામોની નિરીક્ષણ નોંધ સંદર્ભિત પરિપત્ર ક્રમાંક (૫) અનુસાર જારી કરવાની રહેશે.
- જે તે જીલ્લાના કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા અધિક્ષક ઇજનેરશ્રીએ સ્થળ મુલાકાત લીધી હોય તે સિવાયના કામોની મુલાકાત સંદર્ભિત પરિપત્ર ક્રમાંક-૧ દર્શાવ્યા અનુસાર સ્થળ મુલાકાત કરવાની રહેશે. આ

પરિપત્ર બાદ પણ મા.મ. વિભાગનાં પત્ર ક્રમાંક- પીડીડબલ્યુ-૧૦૨૦૦૩-આઇ.બી.-૩૫૩-સ, તા.૦૩.૦૨.૨૦૦૩ ની કાર્યપાલક ઇજનેર દ્વારા પ્રથમ દિવસે ડામરકામમાં ૨૦૦ મીટર લંબાઇમાં ચેકીંગ બતાવવાની જોગવાઇ યથાવત રહેશે.

- અધિક્ષક ઇજનેરશ્રી અને કાર્યપાલક ઇજનેરશ્રીની સ્થળ મુલાકાતની નોંધમાં કામની જે આઇટમ માટે "એસઆરઆઇ" (Satisfactory but required improvement) ગ્રેડ મળેલ હોય તે આઇટમની સુધારણા ટેન્ડરમાં જણાવેલ સ્પેસીફીકેશન મુજબ કરી સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા એટીઆર (action taken report) તૈયાર કરી સંબંધિત ગુણવત્તા નિયમન વિભાગનાં કાર્યપાલક ઇજનેરશ્રીની સ્થળ મુલાકાત કરાવશે અને ગુણવત્તા નિયમન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી પુર્તતા સાથે સહમત હોયતો અહેવાલ અધિક્ષક ઇજનેરશ્રી ગુણવત્તા નિયમન વિભાગને સાદર કરશે. અધિક્ષક ઇજનેરશ્રી ગુણવત્તા નિયમન વિભાગ પુર્તતા અહેવાલ યોગ્ય હશે તો રીગ્રેડ કરી, "એસ.આર.આઇ." માંથી "એસ" ગ્રેડ ભલામણ કરશે. ત્યારબાદ સદરહું પુર્તતા અહેવાલ સંબધિત અધિક્ષક ઇજનેરશ્રી મારફતે સંબધિત મુખ્ય ઇજનેરશ્રીને અને મુખ્ય ઇજનેરશ્રી ગુણવત્તા નિયમનને પુર્તતા ગ્રાહય રાખવા અર્થે રજુ કરશે. ગુણવત્તા નિયમન વિભાગ ધ્વારા પુર્તતા ગ્રાહય રાખ્યાબાદ જેતે આઇટમ માટે "એસ" ગ્રેડીંગનું પ્રમાણપત્ર મળ્યાબાદજ આ આઇટમનું ચુકવણું કરવાનું રહેશે.
- જે નિરક્ષણ નોંધમાં ગ્રેડ "યુ" (Unsatisfactory) હોય તો આવા કામો માટે સુધારાત્મક કામગીરી પૂર્ણ કરાવી સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા એટીઆર (action taken report) તૈયાર કરી સંબંધિત ગુણવત્તા નિયમન વિભાગનાં કાર્યપાલક ઇજનેરશ્રીની સ્થળ મુલાકાત કરાવશે અને ગુણવત્તા નિયમન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી પુર્તતા સાથે સહમત હોયતો અહેવાલ અધિક્ષક ઇજનેરશ્રી ગુણવત્તા નિયમન વિભાગને સાદર કરશે. અધિક્ષક ઇજનેરશ્રી ગુણવત્તા નિયમન વિભાગ પુર્તતા અહેવાલ યોગ્ય હશે તો રીગ્રેડ કરી, "એસ.આર.અઇ." માંથી "એસ" ગ્રેડ ભલામણ કરશે. ત્યારબાદ સદરહું પુર્તતા અહેવાલ સંબધિત અધિક્ષક ઇજનેરશ્રી મારફતે સંબધિત મુખ્ય ઇજનેરશ્રીને અને મુખ્ય ઇજનેરશ્રી ગુણવત્તા નિયમનને પુર્તતા ગ્રાહય રાખવા અર્થે રજુ કરશે. ગુણવત્તા નિયમન વિભાગ ધ્વારા પુર્તતા ગ્રાહય રાખ્યાબાદ જેતે આઇટમ માટે "એસ" ગ્રેડીંગનું પ્રમાણપત્ર મળ્યાબાદ જ સમગ્ર કામનું બાકીનું ચુકવણું કરવાનું રહેશે.

(૨) કોર કટીંગ મશીનનો વ્યાપક રીતે ઉપયોગ થઇ શકે તથા રસ્તાઓના ડામરકામની ગુણવત્તાની ચકાસણી વિધિવત રીતે થઇ શકે તે હેતુસર અનુસંધાનિત પત્ર ક્રમાંક-(૨) થી રૂા.૧૦૦ લાખથી ઉપરના કામો માટે "૫૦ મીમીથી વધુ ડામર કામની સંયુકત જાડાઇ (બીએસજી, બીબીએમ સિવાય) હોય તેવા રસ્તાના કામમાં દર ૨૫૦ મીટર દીઠ એક ક્રોસ સેકશન પર ડામર કામની પહોળાઇ અનુસાર બે થી ચાર કોર સેમ્પલ ઇજારદારે પોતાના કોર કટીંગ મશીન વડે સંબંધિત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની હાજરીમાં મેળવી આપવાના રહેશે અને આ સેમ્પલ સીલ કરી માન્ય લેબોરેટરી મારફત થીકનેશ, ડેન્સીટી તથા બીટુમીનસ કન્ટેન્ટના પરિક્ષણ કરાવી પરિણામો મેળવવાના રહેશે. સંતોષકારક પરિણામો આવ્યા સુધી ડામર કામની ચુકવવાપાત્ર રકમના ૫ ટકા રકમ

વીથહેલ્ડ રાખવામાં આવશે. જે રકમ સંતોષકારક પરિણામો મળ્યા બાદ જ છુટી કરાશે. પરંતુ સંતોષકારક પરિણામ નહીં મેળવવાના કિસ્સાઓમાં કરારની અન્ય શરતો અનુસાર કાર્યવાહી થઇ શકશે." તે મુજબની સુચના આપેલ હતી, જેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) અનુસંધાનિત પત્ર ક્રમાંક (૨) થી બી-૧ અને બી-૨ કરાર ફોર્મમાં કામ પર ઇજારદારે એન્જીનીયર રાખવાની જોગવાઇને અસરકારક બનાવવા રૂા.૧૦૦ લાખ કે તેથી વધુ રકમની ટેન્ડરમાં મુકેલ અંદાજી રકમના કામો માટે "કરાર હેઠળના કામ પર ઇજારદારે ફુલટાઇપ કવોલીફાઇડ એન્જીનીયર નિયુકત કરવાનો રહેશે. જે અંગે કામનો વર્કઓર્ડર મળ્યે દિન-૧૫માં કાર્યપાલક ઇજનેરશ્રીની જાણ હેઠળ, નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીને નિયુકત ઇજનેરના નામ, કવોલીફીકેશન, માર્કશીટ, સર્ટીફીકેટ, કલર ફોટોગ્રાફ, નિયુકતીનો હુકમ વગેરે વિગત રજુ કરવાની રહેશે તથા કામ પર હાજર થયા અંગેનો રીપોર્ટ આપવાનો રહેશે. જે અનુસાર કરાર હેઠળના કામ પર કવોલીફાઇડ ઇજનેરશ્રીની ઉપરોકત શરત મુજબ નિયુકિત થાય તથા સ્થળ પર ખરેખર કામગીરી ન સંભાળે ત્યાં સુધીના સમયગાળા તેમજ કામ ચાલુ રહે તે સમય દરમ્યાન નિયુકત કરેલ ઇજનેર કામગીરી સંભાળશે નહીં તો તે સમયગાળા માટે હવે રૂા.૨૫૦૦૦ પ્રતિ માસ લેખે બીલમાંથી કપાત કરવામાં આવશે, જે નોન રીફંડબેલ રહેશે." તે મુજબની સુચના આપેલ હતી, જેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) સંદર્ભિત પરિપત્ર ક્રમાંક- (૩)થી માન્ય ખાનગી લેબોરેટરીમાં કરાવવામાં આવતા પરિક્ષણો માટે એક જ વિભાગીય કચેરી હેઠળના એક કે બધા કામના પરિક્ષણો એક જ ખાનગી લેબોરેટરીમાં ન થાય તે જોવા બાબત તેમજ આ પ્રકારના પરિક્ષણો વારાફરતી માન્ય ખાનગી લેબોરેટરીમાં કરાવવામાં આવે તે બાબતે સુચના આપેલ હતી. તેમ છતાં કેટલાય વિભાગોમાં એક જ ખાનગી લેબોરેટરીમાં માલસામાનના પરિક્ષણ કરાવેલ હોવાનું ધ્યાને આવેલ છે. આ બાબતનું પુનરાવર્તન થશે તો સંબંધિત ના.કા.ઇ. અને કા.ઇ.શ્રીઓની જવાબદારી નકકી કરવામાં આવશે.

(૫) સંદર્ભિત પરિપત્ર ક્રમાંક- (૪)થી ડામર કામમાં ઇમ્પોર્ટેડ ડામર વીસ્કોસીટી ગ્રેડનો છે તે મુજબની ચકાસણી માટે મૂળ રીફાઇનરીનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ ડામરનો વપરાશ કરવાનો રહેશે. પેનીટ્રેશન ગ્રેડના ડામરને કોઇ પ્રક્રિયા કરી વીસ્કોસીટી ગ્રેડનો ડામર બનાવેલ હોય એવા પ્રકારના ડામર વપરાશમાં ન લેવાય તે બાબતે ના.કા.ઇ.શ્રી અને કા.ઇ.શ્રીઓએ ધ્યાન રાખવાનું રહેશે. આ બાબતે નિષ્કાળજી ધ્યાને આવતા સંબંધિતો સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તે બાબતે ફરીથી સુચના આપવામાં આવે છે.

ઉપરોકત સુચનાઓ ઉપરાંત વિભાગ ધ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ કામોની દેખરેખ, કામોની ગુણવત્તા, માલસામાન પરિક્ષણ વિગેરે બાબતની સ્થાયી સુચનાઓનો અમલ પણ બીનચુક કરવાનો રહેશે.

ઉપરોકત સુચનાઓનું અમલીકરણ પરિપત્રની તારીખથી ચુસ્તપણે કરવાનું રહેશે.

(એ.એન.મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

પ્રતિ,

૧. માન.ના.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન.મંત્રીશ્રી (ન.જ. અને પા.પુ. અને કલ્પસર વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. નર્મદા અને જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર અલગ પત્ર ધ્વારા
૮. સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ માર્ગ અને મકાન વિભાગ
૯. મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુ.રા.મા.વિકાસ નિગમ લી. ગાંધીનગર.
૧૦. એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ–૧, ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ–૯.
૧૧. એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ–૨, રેસક્રોર્સ, રાજકોટ.
૧૨. એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઈ) રેસક્રોર્સ, રાજકોટ.
૧૩. ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, (એ એન્ડ ઈ), પાંચમો માળ ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ–૯.
૧૪. સર્વે અ.ઈ.શ્રીઓ/મા.મ.વ/પંચયત મા.મ.વર્તુળ/રા.ધો.મા.મ.વર્તુળ/રા.મા.યોજના વર્તુળ/પા.યોજના વર્તુળ /વિદ્યુત વર્તુળ સહિત.
૧૫. નાણાંકીય સલાહકારશ્રી, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૬. સર્વે કા.ઈ.શ્રીઓ ઉપરોક્ત વર્તુળ હેઠળના સર્વે વિભાગ.
૧૭. નિયામકશ્રી, ગેરી, વડોદરા.
૧૮. મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ સે.૧૦, ગાંધીનગર.
૧૯. નિયામકશ્રી, ઉપવન બગીચા, ગાંધીનગર.
૨૦. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈ.શ્રીઓ સહિત) મા.મ.વિ, સચિવાલય, ગાંધીનગર.
૨૧. સર્વે પ્રોજેકટ શાખાઓ, મા.મ.વિ., સચિવાલય, ગાંધીનગર.
૨૨. સીલેકટ ફાઈલ–૨૦૨૧.